| Innovation ID | DTP0010000002529 | Sr No : 2 |
|---|---|---|

**Innovation Title** નાગલી (Eleusine coracana)અને તુવેર (Cajanas cajan)માં સુકારો

**Category** પાક સંરક્ષણ

**Notebook Number** lok (૧) ૫-૬ Dec- ૧૯૯૬, Pg No. ૧૨

**Brief** નાગલી (Eleusine coracana) અને તુવેર (Cajanus cajan)માં સુકારાના નિયંત્રણ માટે બકરીના દૂધનો ઉપયોગ

**Detail** નાગલી (Eleusine coracana)એ હલકા ધાન્ય વર્ગનો પાક છે. દક્ષિણ ગુજરાતના ડુંગરાળ વિસ્તારોમાં આદિવાસી ખેડૂતો તેની વાવણી કરે છે. આ વિસ્તારમાં તુવેરની ખેતી પણ વત્તા ઓછા પ્રમાણમાં થાય છે. આ બંને પાકોમાં સૂકારા નામનો રોગ જોવા મળે છે.

ધરમપુર તાલુકાના ખાનપુર ગામના શ્રી શાંતાબહેન બારિયા નાગલીમાં સૂકારાનો રોગ લાગે ત્યારે બકરીના દૂધનો છંટકાવ કરે છે.

આ જ ગામનાં રત્નાબહેન દેશમુખના જણાવ્યા મુજબ, તુવેર (Cajanus cajan)માં સૂકારાના નિયંત્રણ માટે માછલીના ભૂકાને ખેતરમાં વેરવામાં આવે છે. (ગુજરાત કૃષિ યુનિવર્સિટીના વનસ્પતિ રોગશાસ્ત્રી ડૉ. આર. એમ. પાંડે જણાવે છે કે, બકરીના દૂધમાં જીવાણુનાશક (Antimicrobial) ગુણ રહેલા છે. જ્યારે માછલીના ભૂકામાં ટ્રાઈમિથાઈલ એમાઈન નામનું ઝેરી તત્વ રહેલું છે. સૂકારો રોગ છોડની અંદર (આંતરિક) રહેલ નલિકાઓ મારફતે થાય છે. જ્યારે ઉપરોક્ત બંને પદાર્થો સંપર્ક ઝેર તરીકે કામ કરતા હોઈ સૂકારાના નિયંત્રણ માટે કદાચ ઉપયોગી નિવડી શકે નહિ. કોઈપણ પાકના છોડ કોઈપણ કારણસર સૂકાઈ જાય તેને મોટાભાગના ખેડૂતો સૂકારો લાગેલ છે તેમ કહે છે. તેથી, ઉપર દર્શાવેલ બંને પાકનો સૂકારો આંતરિક છે કે નહિ તે નક્કી કરવું મુશ્કેલ છે. એટલે શક્ય છે કે, છોડ આંતરિક સૂકારા સિવાયના અન્ય કઈ રોગ-જીવાતથી અસર પામેલ હોય અને તેના માટે દૂધ અને માછલીનો ભૂકો અસરકારક માલુમ પડ્યા હોય.

(નોંધ- આ પદ્ધતિનું પી.આઈ.સી મુકેશ સોનારાએ કરેલ છે.) આ પદ્ધતિ સાચી છે.

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used** બકરીનું દૂધ

**IPR Status**

**Keywords** બકરી, દૂધ, નાગલી, Eleusine coracana, તુવેર, Cajanus cajan, સુકારો, વલસાડ

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૧૬ | Member Type | Innovator | | |
| First Name | શાન્તાબેન | Middle Name | તુલસીરામ | Last Name | બારૈયા |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મુ. ખાનપુર | | | Taluka | ધરમપુર |
| District | Valsad | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૧૭ | Member Type | Innovator | | |
| First Name | રત્નાબેન | Middle Name | રમણભાઈ | Last Name | દેશમુખ |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મુ. ખાનપુર | | | Taluka | ધરમપુર |
| District | Valsad | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૧૮ | Member Type | Scout | | |
| First Name | ભરત | Middle Name | | Last Name | જોગારી |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | | | Taluka | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૫૧૫૨ | Member Type | Verifier | | |
| First Name | મુકેશ | Middle Name | બી | Last Name | સોનારા |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. મેટાલ, પો. નાનોદરા | | | Taluka | બાવળા |
| District | Ahmadabad | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000002650 | Sr No : 3 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | ચીકુ (Manilkara zapota) માં નીલગાયનું નિયંત્રણ |
| Category | પાક ઉત્પાદન |
| Notebook Number | lok (૩) ૧, Sep-oct-૧૯૯૮, Pg No.૫ |
| Brief | ચીકુ (Manilkara zapota) માં નીલગાયના નિયંત્રણ માટે છાણનો ઉપયોગ |
| Detail | ચીકુ (Manilkara zapota) ના નાના છોડને નીલગાય ખૂબ નુકસાન કરે છે. તેની કુણી ડાળી તથા પાન ખાય જાય છે. એક વખત નુકશાન પામેલી ડાળીને ફરીથી નવી કુંપળ નીકળતાં ઘણો સમય લાગે છે. ખાસ કરીને જે વૃક્ષમાં થીર-દૂઘ નીકળતું હોય તેવાં વૃક્ષોને નીલગાય ખૂબ નુકસાન કરે છે. નીલગાય મોટે ભાગે સમૂહમાં રહે છે અને તે મુખ્યત્વે ખેતીના પાકોને રાત્રે જ નુકસાન કરે છે.<br>ગ્રામભારતીની ૨૪૦ જેટલી ચીકુની કલમો છે. જેમાંથી છેલ્લાં બે વર્ષમાં છ થી સાત જેટલાં ફલઝાડને નીલગાયો ખાઈ જવાથી નુકસાન થયું છે. નીલગાયથી નુકસાન થતું અટકાવવા ગાયનું છાણ ડોલમાં લઈને તેમાં પાણી ઉમેરી પાતળી રબડી । દ્રાવણ બનાવીને સાવરણી વડે દરેક ચીકુડીની ટોચની ડાળી-પાન ઉપર આ છાણની રબડીનો છંટકાવ કર્યો. નીલગાય વાડીમાંઆવે છે પણ તેની વાસ-ગંઘને કારણે ચીકુના કુણાં પાન કે ડાળી ખાતી નથી અને નુકસાન કરતી નથી. આમ આ પ્રમાણેનો છંટકાવ દર ૧૫ થી ૨૦ દિવસે અમે દોઢ વર્ષ સુઘી નિયમિત કર્યો. હવે અમારા ચીકુની કલમોને નીલગાયો નુકસાન કરતી નથી.<br>આ પઘ્ધતિમાં એક બાબતનું ખા, ઘ્યાન રાખવાનું કે,છાણની રબડી । દ્રાવણ પાતળું બનાવવું અને આખી કલમની ડાળીઓ ખાસ કરીને ટોચના ભાગે માત્ર છંટકાવ કરવો. ઘટ્ટ રબડી અને ભારે છંટકાવથી આખાં પાન ઢંકાઇ જવાથી પ્રકાશ સંશ્ર્લેષણની કિયા અટકી જવાથી નુકસાન થશે.<br><br>આ પદ્ધતિ પરંપરાગત છે.<br>આ પદ્ધતિ ઘણાબઘા લોકો નીલગાય અને ઘેટાં-બકરાથી ઝાડને બચાવવા માટે છાણની રબડી કરીને છાંટતા હોય છે. અથવા રેડતા હોય છે.<br>આ પદ્ધતિની મર્યાદા એ છે કે છાણની પાતળી રબડી થોડી માત્રામાં જ છાંટવી. વઘુ પડતી છાંટવી નહી. નહી તો પાન કોહવાઈ જાય છે અને છોડ પણ સુકાઈ જવાનો ડર રહે છે.<br><br>અન્ય ખેડૂતો:<br>ભીમાભાઈ માઘાભાઈ પટેલ<br>બાપજીભાઈ બાઘુભાઈ પટેલ<br>ગેમલાભાઈ જેસીંગભાઈ ભોયા<br><br>(નોંઘ:- આ પદ્ધતિનું પીઆઈસી તા. ૨૪-૬-૨૦૦૬માં જયેન્દ્રસિંહ વાઘેલાએ કરેલ છે.) |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | છાણ |
| IPR Status | |
| Keywords | છાણ, ચીકુ, Manilkara zapota, નીલગાય, કલમ, પાણી, કુપળ, વલસાડ |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૧૬૭૦ | Member Type | Innovator |
|---|---|---|---|

First Name: અમૃતભાઈ  Middle Name: મણિલાલ  Last Name: પટેલ

Profession:  Designation:

Address 1:

Village: મુ.પો. ભેંસદરા  Taluka: ધરમપુર

District: Valsad  State: Gujarat  Country: India

Biography: ખેડૂતનો પરિચય:
ઉત્તરદાતાની ઉંમર ૬૫ વર્ષની છે. તેમની પાસે ૭ વિઘા જમીન છે. તેમના બે પુત્રો અત્યારે અભ્યાસ કરે છે. તેમની પાસની જમીનમાં ૨૫૦ જેટલી ચીકુની કલમો વાવેલી છે. તેમની પાસેની જમીનમાં તેઓ ડાંગર, શાકભાજી અને આંબા, ચીકુની ખેતી કરે છે. તેમનો અન્ય ધંધો દુકાન કરે છે. અનાજ કરિયાણાની દુકાન ગામમાં છે. ગામમાં અન્ય ખેડૂતો કરતાં તેઓ ખેતીમાં વિવિધ પ્રકારના અવનવા અખતરા કરે છે. તેમની પાસેની જમીનમાં થતી આવક તેમની આવકનું મુખ્ય સાધન છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૯૩ | Member Type | Verifier |
|---|---|---|---|

First Name: જયેન્દ્ર  Middle Name: રણજીતસિંહ  Last Name: વાઘેલા

Profession:  Designation:

Address 1:

Village: મું. આંકલીયા, પો. ઓઢાસાલ  Taluka: સાવલી

District: Vadodara  State: Gujarat  Country: India

Biography: